ભગવાન આચાર્યદેવ

# શ્રી ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી

જિનેન્દ્ર શાસનની પ્રચલિત પટ્ટાવલિઓ તથા શિલાલેખો પરથી જૈન ઈતિહાસકારોએ ઘણી જ વિચારણા બાદ એ સ્વીકાર કર્યો છે કે આચાર્યવર ઉમાસ્વામી ભગવાન કુંદકુંદાચાર્યદેવના પટ્ટ શિષ્યરૂપે આસીન થયા હતા. તેઓશ્રીએ જિનાગમ ઉલ્લેખિત મોક્ષમાર્ગનો ગ્રંથ સૂત્રરૂપે રચ્યો હોવાથી તે ગ્રંથનું નામ 'તત્ત્વાર્થસૂત્ર' છે. જેમાં સાત તત્ત્વોનું સ્વરૂપ વિસ્તૃતરૂપે બતાવવામાં આવ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ પણ આવી જવાથી તે ગ્રંથનું અપરનામ 'મોક્ષશાસ્ત્ર' છે. આ શાસ્ત્ર એટલું ગંભીર છે કે એના પર વિવિધ ટીકાઓ રચાઈ છે તેમાં શ્રી સમન્તભદ્રાચાર્યદેવ રચિત 'ગંધહસ્તિ મહાભાષ્ય', શ્રી પૂજ્યપાદ આચાર્યદેવ રચિત 'સર્વાર્થસિદ્ધિ', શ્રી અકલંક આચાર્યદેવ વિરચિત 'તત્ત્વાર્થરાજવાર્તિક' તથા શ્રી વિદ્યાનંદી આચાર્યદેવવિરચિત 'તત્ત્વાર્થશ્લોકવાર્તિક' વગેરે મુખ્ય છે. આ પ્રમાણે આ ગ્રંથની ઘણી ખરી ટીકાઓ 'તત્ત્વાર્થ'ના નામથી શરૂ થતી હોવાથી આ ગ્રંથનું પ્રાચીન નામ 'તત્ત્વાર્થસૂત્ર' રહ્યું હશે એવું કેટલાક ઈતિહાસકારોનું મંતવ્ય છે. આ ગ્રંથ સૂત્રોના રૂપે રચાયો હોવાથી તેને ટૂંકમાં 'સૂત્રજી' પણ કહેવામાં આવે છે.

ભગવાન વાદિરાજ મુનિરાજના કથનાનુસાર આકાશમાં ઉડવાની ઈચ્છા કરવાવાળા પક્ષીઓ જે રીતે પોતાની પાંખોનો સહારો લે છે તે પ્રમાણે મોક્ષરૂપી નગરીએ જવા માટે ભવ્ય આત્માઓ મુનીશ્વરનો સહારો લે છે, તેવા મહાત્મા અગણિત ગુણોના ભંડાર સ્વરૂપ, ગૃદ્ધપિચ્છ નામના મુનિરાજને મારા સવિનય નમસ્કાર હો! એવા ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી જિનેન્દ્ર શાસનના પ્રસિદ્ધ આચાર્ય ભગવંત છે.

પ્રાપ્ત શિલાલેખો પ્રમાણે તેઓ કુંદકુંદાચાર્યદેવના વંશમાં જન્મ્યા હતા. તથા તેઓએ પ્રાણી રક્ષા માટે ગૃદ્ધપિચ્છ (પીંછી)ને ધારણ કરી હતી. તે શિલાલેખોમાં તેમનાં નામ ઉમાસ્વામી તથા ઉમાસ્વાતિ એમ બે મળી આવે છે. કોઈ કોઈ લેખોમાં તેમનું નામ 'ગૃદ્ધપિચ્છ' પણ દર્શાવવામાં આવ્યું છે તથા તેમના એક શિષ્યનું નામ બલાકપિચ્છ પણ દર્શાવવામાં આવ્યું છે.


તેઓશ્રીએ દ્રવ્યનું સ્વરૂપ દર્શાવનારા ત્રણ સૂત્રો આપ્યા છે. (૧) સત્દ્રવ્યલક્ષણમ્ (૨) ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. (૩) ગુણપર્યયવત્ દ્રવ્યમ્

આ ત્રણે સૂત્રો ભગવાન કુંદકુંદાચાર્યપ્રણીત ગ્રંથોમાંથી સીધાં જ લેવામાં આવ્યા છે તેથી તેઓ ભગવત્ કુંદકુંદાચાર્યદેવના જ શિષ્ય હોય તેમ યથાર્થપણે પ્રતીત થાય છે. તેઓ ઘણા મોટા વિદ્વાન અને વાચક આચાર્ય હતા.


તત્ત્વાર્થશ્લોકવાર્તિક ટીકામાં એવા પ્રકારનું લખાણ પ્રાપ્ત થાય છે કે ભગવાન શ્રી આચાર્યદેવ ઉમાસ્વામીને દ્વીપાયન નામના ભવ્યાત્માએ પૂછ્યું કે હે ભગવાન! આત્મા માટે હિતકારક શું છે? ભવ્ય દ્વારા એવો પ્રશ્ન કરાતાં આચાર્યદેવે મંગલપૂર્વક ઉત્તર આપ્યો– મોક્ષ. આ સાંભળી દ્વિપાયને ફરી પૂછ્યું કે તેનું સ્વરૂપ શું છે? અને તેની પ્રાપ્તિનો ઉપાય શું છે? તેના ઉત્તરરૂપે આચાર્યદેવે કહ્યું કે જોકે પ્રવાદિજનો (અન્યમતિઓ) તેને અન્ય પ્રકારે માને છે કોઈ શ્રદ્ધાન માત્રને મોક્ષમાર્ગ માને છે, કોઈ જ્ઞાનનિરપેક્ષ શ્રદ્ધાન અને ચારિત્રને મોક્ષમાર્ગ માને છે, પરંતુ જેમ ઔષધિના માત્ર જ્ઞાન, માત્ર શ્રદ્ધાન કે માત્ર પ્રયોગથી રોગની નિવૃત્તિ થતી નથી તેમ માત્ર શ્રદ્ધાન, માત્ર જ્ઞાન, કે માત્ર ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ભવ્યએ પૂછ્યું–તો પછી મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપે આચાર્ય ભગવાને ''સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ એવું સૂત્ર કહ્યું છે તથા તે પછી અન્ય સૂત્રોની રચના કરેલ છે.

આવું જ કાંઈક આચાર્ય પૂજ્યપાદસ્વામીએ પોતાની ટીકા 'સર્વાર્થસિદ્ધિ'માં લખ્યું છે કે આ ગ્રંથ આસન્નભવ્યજીવના પ્રશ્નના ઉત્તરરૂપે રચવામાં આવ્યો છે. તે પ્રશ્ન 'મોક્ષ' સંબંધિત હોવાથી તથા 'મોક્ષમાર્ગ'નું જ તેમાં વર્ણન હોવાથી તે ગ્રંથનું નામ મોક્ષશાસ્ત્ર પ્રસિદ્ધ છે.


આ ગ્રંથ વિષે એક સ્થાને જુદા જુદારૂપે એક એવી જનશ્રુતિ (લોકકથા) આવે છે કે જે આ પ્રમાણે છે. સૌરાષ્ટ્ર દેશમાં દ્વીપાયન નામનો એક શ્રાવક રહેતો હતો. તેણે એકવાર મોક્ષમાર્ગ વિષયક કોઈ શાસ્ત્ર બનાવવાનો વિચાર કર્યો તથા રોજ એક સૂત્ર બનાવીને ભોજન કરીશ નહિતર ઉપવાસ કરીશ એવો સંકલ્પ લીધો. તથા તે જ દિવસે તેણે સૂત્ર બનાવ્યું 'દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' વિસ્મરણ થઈ જવાના ભયથી તેણે તે સૂત્ર ઘરના સ્તંભ ઉપર લખી લીધું. બીજા દિવસે કોઈ કાર્યવશ તે બહારગામ ગયો ત્યારે તેના ઘરે એક મુનિરાજ આહાર અર્થે પધાર્યા. પાછા વળતાં મુનિરાજની દૃષ્ટિ સ્તંભ ઉપર લખેલા સૂત્ર ઉપર પડી. તેઓએ ચુપચાપ 'સમ્યક્' શબ્દ સૂત્રની આગળ લખી દીધો અને કોઈને કહ્યા વિના જ પોતાના સ્થાને ચાલ્યા ગયા. શ્રાવકે, ઘેર પરત ફરતાં તે સૂત્રમાં કરવામાં આવેલા સુધારાને જોઈ પોતાની ભૂલ સ્વીકાર કરી તથા મુનિને શોધીને તેમને જ વિનંતી કરી કે તેઓ જ આ ગ્રંથની રચના કરે. કારણ કે તે શ્રાવકમાં સ્વયં તે ગ્રંથ પૂરો કરવાની યોગ્યતા નહોતી. તેની ભાવનાથી જ મુનિરાજે 'તત્ત્વાર્થસૂત્ર' (મોક્ષશાસ્ત્ર)ની ૧૦ અધ્યાયોમાં રચના કરી. તે મુનિરાજ અન્ય કોઈ નહીં 'આચાર્ય ઉમાસ્વામી' હતા. તેમના આ ગ્રંથથી પ્રતિફલિત થાય છે કે તેઓએ ચારે અનુયોગને પોતાના અંતરમાં આત્મસાત્ કરી લીધા હતા. તે માટે તેઓશ્રીએ પોતાના ગ્રંથમાં સંક્ષિપ્તમાં દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ તથા ચરણાનુયોગનો સાર




સૌરાષ્ટ્રનો દ્વિપાયન શ્રાવક સૂત્ર લખવાનો નિર્ધાર કરી ઘરના સ્તંભ ઉપર સૂત્ર લખે છે




દ્વીપાયન શ્રાવકની અનુપસ્થિતિમાં મુનિરાજ તેના ઘેર આહાર માટે પધાર્યા ત્યારે સ્તંભ ઉપરના સૂત્રમાં સુધારો કર્યો.



દ્વિપાયન શ્રાવકે જંગલમાંથી આચાર્યને શોધી કાઢી તેમને શાસ્ત્ર લખવા માટે નમ્રતાપૂર્વક નિવેદન કર્યું.

ભરી દીધો છે કે જેનાથી પ્રથમાનુયોગ સહજ જ યથાર્થરૂપે તાત્ત્વિક દૃષ્ટિકોણથી ભવ્યજીવોને સમજમાં આવી શકે.

આ ગ્રંથ જૈન સાહિત્યનો સંસ્કૃત ભાષામાં લખાયેલો સર્વપ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ સૂત્રમાં હોવાથી કંઠસ્થ થઈ શકે તેવો છે. આ સૂત્રો દાર્શનિક તત્ત્વોની ગંભીરતાથી એટલાં ભરપૂર છે કે આ ગ્રંથ ઉપર મહાન-મહાન આચાર્યદેવોએ ગંભીર તેમજ દાર્શનિક તત્ત્વોથી સભર ટીકાઓ રચી છે. તેમાં ક્યાંક ક્યાંક ગંભીર દાર્શનિક તથ્યોને ઘણી જ ખૂબીપૂર્વક ખોલવામાં આવ્યાં છે. તે જ તે ગ્રંથની સ્વયંમાં મોટી સફળતા (ઉપાધિ) છે.

તેઓશ્રીની વિદ્વતતા તો તત્ત્વાર્થસૂત્રથી જ સ્પષ્ટ વર્તાય છે કે જેમાં તેઓશ્રીએ પોતાના ગુરુ ભગવાન કુંદકુંદાચાર્યદેવના પંચ પરમાગમો વગેરેમાં ઉલ્લેખિત ભાવોને ઘણી જ નિપૂણતાથી આત્મસાત કરી લીધા છે. તત્ત્વાર્થસૂત્રના વાચકોને તેના અભ્યાસથી આવો સહેજે ખ્યાલ આવી જાય છે. તેથી જ પ્રાચીનકાળમાં ઘણા લોકો તત્ત્વાર્થસૂત્રને ભગવાન કુંદકુંદાચાર્યની રચના માનવા લાગ્યા હતા.

તેમની નિરૂપણ શૈલી ઘણી ગંભીર હતી. તે વિષે કહેવાય છે કે તેઓશ્રી દ્વારા રચિત તત્ત્વાર્થસૂત્રનું મંગલાચરણ જે "મોક્ષમાર્ગસ્ય નેતારં, ભેતારં કર્મભૂભૃતામ, જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વન્દે તદ્‌ગુણલબ્ધયે ."ની ટીકા આચાર્ય સમન્તભદ્રજીએ ૧૧૪ સંસ્કૃત શ્લોકમાં રચી, જેનો પ્રથમ શબ્દ 'દેવાગમ' હોવાથી તે 'દેવાગમ સ્તોત્ર'ના નામે પ્રસિદ્ધ છે. તેમાં આપ્તમીમાંસા–આપ્ત અંગે–ઊંડી વિચારણા હોવાથી તે આપ્તમિમાંસાના નામથી પ્રસિદ્ધ છે. તેની ભગવાન અકલંક આચાર્યદેવે ૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી તેનું નામ 'અષ્ટશતી' આપ્યું. તેના પર આચાર્ય વિદ્યાનંદીએ ૮૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ ટીકા રચી જેનું નામ અષ્ટસહસ્રી છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે તત્ત્વાર્થસૂત્રનું મંગલાચરણ જ એટલું ગંભીર હતું કે જેના ભાવોને ખોલવા માટે ૮૦૦૦ શ્લોકપ્રમાણ સુધીની ટીકા શ્રી વિદ્યાનંદિ આચાર્યદેવને કરવી પડી.

ઉપરોક્ત આચાર્યોએ બનાવેલી ટીકાઓ સિવાય પણ જૈન સાહિત્યમાં તે ગ્રંથની અનેકાનેક ટીકાઓ ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં આપવામાં આવેલ તાત્ત્વિક ચિંતવના એટલી મહાન છે કે જૈન સંપ્રદાયની દિગંબર તથા શ્વેતામ્બર બંને આમ્નાયોમાં તેનું, પૂજ્યતા તથા પ્રમાણતાના દૃષ્ટિકોણથી, સમાન મહત્વ છે. તેમના સૂત્રોનો પશ્ચાત્‌વર્તી આચાર્યોએ પોતાના શાસ્ત્રોમાં ભરપૂર ઉપયોગ કર્યો છે તે ઉપરથી જ તે ગ્રંથની મહાનતા તથા આચાર્યદેવની મહાનતા હૃદયમાં ઉતર્યા વિના રહેતી નથી. ઈતિહાસકારોનું માનવું છે કે તેઓશ્રી ઈ.સ. ૧૭૯ થી ૨૪૩ સુધીના સમય ગાળાના આચાર્ય છે.

'તત્ત્વાર્થસૂત્ર'ના રચયિતા આચાર્યદેવ શ્રી ઉમાસ્વામીને કોટિ કોટિ વંદન.